# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત

***પોલીટેકનીક ડીપ્લોમા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન, એટેન્ડન્સ તેમજ પરીક્ષાઓને લગતી બાબતોનું ધ્યાન રાખવા બાબત...***

## –: પરિપત્ર :–

આથી તમામ પોલીટેકનીકના આચાર્યશ્રીઓ / એકેડેમીક ઈન્ચાર્જશ્રીઓ / શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પોલીટેકનીક ડીપ્લોમા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યા બાદ સમયાંતરે વિદ્યાર્થીઓનું એકેડેમીક કેલેન્ડર મુજબ રજીસ્ટ્રેશન, એટેન્ડન્સ તેમજ પરીક્ષાઓને લગતી બાબતો માટેના વિનિયમો અત્રેની કચેરીના જાહેરનામા જા.નં. નકૃયુ/રજી/એકેડેમીક/૫૭૭૪–૫૮૧૪/૨૦૨૧, તા.૦૨/૦૯/૨૦૨૧ મુજબ Common Academic Regulations for Diploma Programmes in Polytechnic of the State Agricultural Universities of Gujarat જાહેર કરેલ છે. તે પ્રમાણે શિક્ષકશ્રીઓ / એકેડમીક ઈન્ચાર્જશ્રીઓ / આચાર્યશ્રીઓએ ચુસ્તપણે પાલન કરવા/ કરાવવાના થાય છે.

***વધુમાં આ બાબતે પોલીટેકનીકો ધ્વારા જાહેરનામાનાં વિનિયમોનું નીચે મુજબના કેશમાં ખાસ પાલન કરવાનું રહેશે.***

(૧) રજીસ્ટ્રેશન ફી ભર્યા બાદ સેમેસ્ટર દરમ્યાન વિદ્યાર્થી સતત ગેરહાજર રહેતો હોય, તો તેઓને / તેમના વાલીઓને એક–વાર મૌખિક તેમજ બે–વાર લેખિતમાં જાણ કરવાની રહેશે. આવા સતત ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન રદ કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. જેથી પરીક્ષા જેવી અગત્યની કામગીરીમાં ખલેલ ન થાય તેમજ Exmas – online Examination Software માં સમયાંતરે એકટીવ રહે નહિ.

(૨) સેમેસ્ટર દરમ્યાન વિદ્યાર્થી ગેરહાજર રહેતો હોય, તો તેઓને જો 'I' ગ્રેડ મળવાપાત્ર થતો હોય, તેવા વિદ્યાર્થીઓનો 'I' ગ્રેડનો ઓર્ડર કરવાનો રહેશે તેમજ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓના લીસ્ટમાં સામેલ કરવાના રહેશે. 'I' ગ્રેડનો ઓર્ડર તમામ શિક્ષકોને જાણ કરવાની રહેશે તેમજ શિક્ષકોએ 'I' ગ્રેડની માર્કસએન્ટ્રી કરવાની રહેશે.

(૩) ફકત પરીક્ષા સમયે જ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓને 'Ab' ગ્રેડ આપવાનો રહેશે.

(૪) ફકત પરીક્ષા સમયે જ બિમારીના કારણોસર દાખલ થયેલ હોય / અકસ્માત (Indoor Hospitalization) જેવા કેસોમાં જ વિદ્યાર્થીઓને 'W' ગ્રેડ આપવાનો રહેશે. તેવા વિદ્યાર્થીઓનો 'W' ગ્રેડનો ઓર્ડર કરવાનો રહેશે તેમજ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓના લીસ્ટમાં સામેલ કરવાના રહેશે. 'W' ગ્રેડનો ઓર્ડર તમામ શિક્ષકોને જાણ કરવાની રહેશે તેમજ શિક્ષકોએ 'W' ગ્રેડની માર્કસએન્ટ્રી કરવાની રહેશે.

(૫) જે વિદ્યાર્થીઓ Promoted (ATKT) / Not Promoted (Drop) આવેલ હોય, તેવા વિદ્યાર્થીઓને સમયસર નોટીસ/ ટેલીફોનિક જાણ કરી, સમયસર પરીક્ષા ફોર્મ તેમજ પરીક્ષામાં બેસવા માટે જણાવવાનું રહેશે.

વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ ભવિષ્યમાં રજીસ્ટ્રેશન, એટેન્ડન્સ તેમજ પરીક્ષાઓને લગતી બાબતો માટે ખોટા પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ પોલીટેકનીક/ યુનિવર્સિટીનો કાર્યવાહી કરવામાં સમયનો બચાવ થાય તે હેતુથી ઉપરોકત પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(સહી)
કુલસચિવ

જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/પોલીટેકનીક/ ૩૪૪૫ - ૫૬/૨૦૨૫,
તારીખઃ ૧૮ / ૦૭ / ૨૦૨૫, નવસારી.

**નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂં:–**

(૧) તમામ પોલીટેકનીકના આચાર્યશ્રીઓ / એકેડેમીક ઈન્ચાર્જશ્રીઓ / શિક્ષકશ્રીઓ તરફ.
(૨) તમામ પોલીટેકનીકના ડીનશ્રીઓ તરફ.